# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૯ તા.૭-૯-૧૫

**વિષય :- જ્ઞાન સપ્તાહ દરમ્યાન ઉપચારાત્મક શિક્ષણ કરવા બાબત.**

**સંદર્ભ :- પ્રાશિનિ/છ-૨/જ્ઞાનસપ્તાહ/૨૦૧૫-૧૬/૨૫૪૬-૯૭ તા.૭-૯-૧૫**

આથી તમામ મ્યુનિ. શાળાઓને ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે અગાઉ આપેલ સૂચના મુજબ જ્ઞાન સપ્તાહની ઉજવણી તા.૮-૯-૧૫ થી ૧૫-૯-૧૫ દરમ્યાન કરવા જણાવેલ છે.

આ જ્ઞાન સપ્તાહ દરમ્યાન તમામ શાળાઓમાં નબળા બાળકો માટે ઉપચારાત્મક શિક્ષણ કાર્ય થાય અને આ કાર્યમાં જે-તે વોર્ડના શિક્ષિત યુવાનો, સખી મંડળના સભ્યો, નિવૃત્ત શિક્ષકો વગેરે જોડાય તેવો અનુરોધ કરવામાં આવે છે. આ કામગીરી સવારપાળીની તમામ શાળાઓમાં શાળા સમયબાદ બપોરના ૨.૩૦ વાગ્યા સુધી અને બપોરપાળીની શાળાઓમાં સવારના ૧૦.૩૦ થી ૧૨.૩૦ વાગ્યા સુધી કરવાની રહેશે. જેમાં તમામ શાળાઓએ વાંચન, લેખન અને ગણનમાં પોતાની શાળાના નબળા બાળકો માટે ઉપચારાત્મક શિક્ષણ કાર્ય કરવાનું રહેશે, આ ઉપરાંત પરિપત્ર નં.૩૯ તા.૭-૭-૧૫ માં શાળા સમય દરમ્યાન ઉપચારાત્મક શિક્ષણ કાર્ય માટે જે સમય દર્શાવેલ છે તે સમય મુજબ પણ આ કામગીરી કરવાની રહેશે, તેની નોંધ લેશો.

તા.૭-૯-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૭૦ તા.૭ -૯-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- પેટ્રોલીયમ ઉત્પાદન અને ઈંધણ સંરક્ષણના સંબંધમાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માટે રાષ્ટ્રીય સ્તરની ચિત્રકલા અને નિબંધ લેખન સ્પર્ધા-૨૦૧૫/૧૬ બાબત.**

**સંદર્ભ :- એસએસએ/મકમ/૨૦૧૫/૩૪૦૯૮-૧૬૪ તા.૧૯-૮-૧૫**

આથી તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે શાળાના બાળકોને પેટ્રોલીયમ ઉત્પાદન અને ઈંધણ સંરક્ષણના સંબંધમાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માટે રાષ્ટ્રીય સ્તરની ચિત્રકલા અને નિબંધ લેખન સ્પર્ધા ૨૦૧૫-૧૬નું આયોજન પેટ્રોલીયમ મંત્રાલય , ભારત સરકાર દ્વારા કરવામાં આવેલ છે. આ સ્પર્ધાની જાણકારી ધો.૬ થી ૮ના તમામ બાળકોને આપવી અને વધારેમાં વધારે બાળકો આ સ્પર્ધામાં ભાગ લે તેવા પ્રયત્નો કરવા.

❖ **ચિત્ર સ્પર્ધા માટે કેટલીક માર્ગદર્શક સૂચનાઓ :-**

૧) ચિત્ર સ્પર્ધાનો વિષય :- ઈંધણ સંરક્ષણ-સ્વયં, પરિવાર, સમાજ અને રાષ્ટ્ર

૨) વિદ્યાર્થીઓ પેન્સિલ કલર, ક્રેયોન્સ કલર(ચોક કલર) કે વૉટર કલરનો ઉપયોગ કરી શકશે.

૩) ચિત્ર દોરવા માટે A-૩ સાઈઝનો કાગળ ઉપયોગમાં લેવાનો રહેશે.

૪) દરેક શાળાના મુખ્ય શિક્ષકે ચિત્ર શિક્ષક અથવા ચિત્રના જાણકાર શિક્ષકની મદદથી આ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

૫) ચિત્ર સ્પર્ધાનો સમય :- શાળા સમયમાં અને ચિત્ર સ્પર્ધાનો સમય ૨ (બે) કલાકનો રહેશે.

૬) આ સ્પર્ધામાં ભાગ લેનાર શાળાએ સર્વશ્રેષ્ઠ કૃતિ(પ્રથમ નંબરની કૃતિ)ની સ્કેન કોપી અથવા ફોટોગ્રાફ ઈમેલ આઈડી competitions2015@pcra.org પર મોકલવાની રહેશે.

૭) ઈમેલ કરવાની છેલ્લી તારીખ ૩૦-૯-૧૫ને ૧૫.૦૦ કલાક સુધી રહેશે. ત્યારબાદ મોકલાવેલ કૃતિ માન્ય ગણાશે નહીં.

૮) વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થયેલ તમામ કૃતિઓને મુખ્ય શિક્ષકે સાચવવાની રહેશે. છેલ્લા ચરણમાં પસંદગી પામેલ કૃતિની હાર્ડ કોપી મૂળ સ્વરૂપમાં 'pcra' ને મોકલવાની રહેશે.

❖ **નિબંધ લેખન સ્પર્ધા માટે કેટલીક માર્ગદર્શક સૂચનાઓ :-**

૧) **નિબંધ સ્પર્ધાનો વિષય :-**

- મારે શા માટે અને કેવી રીતે ઈંધણનું સંરક્ષણ કરવું જોઈએ ?
- ઈંધણ સંરક્ષણ માટે મહત્ત્વપૂર્ણ શું છે ? - આને એક ટેવ પાડવી કે ટૅક્નોલોજીનો ઉપયોગ કરવો ?
- ઈંધણ સંરક્ષણને એક રાષ્ટ્રીય આંદોલન બનાવવા બાળકોની ભૂમિકા

૨) નિબંધ લેખનની ભાષા :- ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ઉર્દૂ, મરાઠી, તમિલ, સિંધી પૈકી ગમે તે એક ભાષામાં ૫૦૦ શબ્દોમાં નિબંધ લખવાનો રહેશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

૩) દરેક શાળાના મુખ્ય શિક્ષકે ભાષા વિષયના શિક્ષકની મદદથી નિબંધ સ્પર્ધાનું આયોજન શાળા સમયમાં જ કરવાનું રહેશે. (સમયમર્યાદા- એક કલાક)

૪) આ સ્પર્ધામાં ભાગ લેનાર શાળાના મુખ્ય શિક્ષકે પ્રથમ નંબર મેળવનાર નિબંધની સ્કેન કોપી અથવા ફોટોગ્રાફ ઈમેલ આઈડી competitions2015@pcra.org પર મોડામાં મોડી તા.૩૦-૯-૧૫ને ૧૫.૦૦ કલાક સુધી મોકલવાની રહેશે. ત્યારબાદ મોકલાવેલ કૃતિ માન્ય ગણાશે નહી.

૫) ચિત્ર અને નિબંધ સ્પર્ધાના ઈનામોની વિગત :-

| વિજેતા ક્રમ | ઈનામની રકમ |
|---|---|
| પ્રથમ | રૂ.૩૦,૦૦૦/- + એક લેપટોપ + જાપાનમાં અભ્યાસ યાત્રાનો સંપૂર્ણ ખર્ચ |
| દ્વિતીય | રૂ.૨૦,૦૦૦/- + TAB |
| તૃતીય | રૂ.૧૨,૫૦૦/- + TAB |
| | પ્રોત્સાહન ઈનામ રૂ.૫,૦૦૦/- (શ્રેષ્ઠ ૧૦ કૃતિઓને) |

૬) ચિત્ર સ્પર્ધામાં પ્રોત્સાહન ઈનામ છે, નિબંધ સ્પર્ધામાં પ્રોત્સાહન ઈનામ નથી.

શાળા કક્ષાએ ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરી દર્શાવેલ સમયમર્યાદામાં ઈ.મેઈલ કરવાનું રહેશે. આ અંગે વધુ વિગતો તથા જાણકારી હેલ્પ ડેસ્ક ફોન નંબર ૦૧૧-૨૬૭૧૫૩૬૦, E-mail competitions2015@pcra.org પરથી મેળવી શકાશે.

તા. ૭ -૯-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી